જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૮/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૨૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૫	૦	૧૧૬૩૫	૧૭૭૪૬	૦	૧૭૭૪૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૪	૧	૧૦૫	૩૬૧	૬	૩૬૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૬૯૮૩	૧૧૮	૬૭૧૦૧	૬૭૭૪૬	૧૧૯	૬૭૮૬૫
કુલ		૮૩૪૫૪	૧૧૯	૮૩૫૭૩	૯૨૧૨૧	૧૨૫	૯૨૨૪૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૦	૨,૬૫,૩૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૬૪	૧૨,૬૪,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતી તરીકે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશન પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટેમાં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા અટકાયતી ઈકરમશા ઈસ્માઈલભાઈ જાતે શા (ફકીર´ ઉ.વ.૨૭ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.મ.નં.૦૧, ગ્રીનપાર્ક સોસાયટી, હાફીજી મસ્જીદ સામે ફતેવાડી સરખેજ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ઘણા ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૬૨/૨૦૨૧ તા.૦૫/૦૮/૨૦૨૧ થી પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજ્કોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીનું નામ સરનામુ : ઈકરમશા ઈસ્માઈલભાઈ જાતે શા (ફકીર´ ઉ.વ.૨૭ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.મ.નં.૦૧, ગ્રીનપાર્ક સોસાયટી, હાફીજી મસ્જીદ સામે ફતેવાડી સરખેજ અમદાવાદ શહેર

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ

નારોલ પો.સ્ટે પાર્ટે-સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૨૯૧/૨૦૨૧ તા.૨૫/૦૭/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ´, ૬૬(બી´, ૧૧૬(બી´, ૮૧, ૯૮(૨´ મુજબ

મુદ્દામાલ :- ભારતીય બનાવટની વિદેશીદારૂઅની કાચની નાની મોટી સીલબંધ બોટલ નંગ. ૨૧૬ કિ.રૂ. ૧,૦૮,૦૦૦/--ની તથા મોબાઇલ ફોન નંગ. ૧ કિં.રૂ. ૪૦૦૦/- તથા એક ઓટો રીક્ષા કિ.રૂ,૭૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૧,૮૨,૦૦૦/- મત્તાનો મુદામાલ

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ

અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૨૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૬,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૨૭/૨૦૨૧**

બાપુનગરઃ ઉકાભાઇ નારણભાઇ સોલંકી (ઉ.વ.૬૮) (રહે.આનંદ ફલેટ, મંગલમ ફલેટ સામે બાપુનગર) એ તા.૦૫/૦૮/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૭/૨૦૨૧ થી તા.૧૪/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન બેન્ક ઓફ બરોડાના ખાતામાંથી અજાણી વ્યક્તિએ ઈન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૧,૬૭,૦૦૦/- ઉપાડી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૪૨૮/૨૦૨૧**

નિકોલઃ દિનેશભાઈ કરસનભાઈ પટેલ (ઉ.વ.૬૪) (રહે. માતુ વિલેજ બંગ્લોઝ ડી-માર્ટ પાછળ નિકોલ) એ તા.૦૫/૦૮/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે જીવનવાડી ત્રણ રસ્તા પાસે આવેલ સ્વામિનારાયણ મંદિર આગળ પાર્ક કરેલ પોતાના એકટીવાની ડેકી ખોલી ડેકીમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ ગતી. જે બેગમાં રોકડ રૂપિયા ૩,૪૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ દિનેશભાઈ પટેલે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.વી.પીપરોતર ચલાવે છે.

આનંદનગરઃ આતીષભાઈ મનોજભાઈ વૈષ્ણવ (ઉ.વ.૪૦) (રહે. સંસ્કાર એપાર્ટમેન્ટ સેલ્બી હોસ્પિટલ પાછળ પ્રહલાદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૮/૨૦૨૧ સાજના ૭/૦૦ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન એટલાન્ટીક બિલ્ડીંગની બાજુમા ડ્રિમર્સ ડીઝીટલ સ્ટુડીયો સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી આસૂસ કંપનીનુ લેપટોપ, ગુગલ પિકસલ કમ્પનીનો એંડ્રોઈડ ફોન અને ત્રણ અલગ-અલગ કંપનીના શુટિંગ કેમરા તથા ત્રણ સેલ્ફી સ્ટીક અને કેમેરા એસેસરીઝ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૨,૦૦૦/- તથા જરૂરી દસ્તાવેઝની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

કેનાલમાં પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૪૨૯/૨૦૨૧**

વેજલપુરઃ વાસણા આઝમ મોઝમ દરગાહ સામે ભવાનીનગર સરકારી વસાહત ખાતે રહેતા ભરતભાઇ રમણભાઇ દંતાણીનો બાર વર્ષનો પુત્ર નીલ તા.૦૪/૦૮/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે રમતા-રમતા વાસણા મહાકાળીનગર પાસે ફતેવાડી કેનાલમાં પડી ગયો હતો. જેની લાશ તા.૦૫/૦૮/૨૦૨૧ બપોરના ૨/૩૭ વાગે મળી આવી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ રણછોડભાઈ મથુરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૩૦/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ મહેશભાઈ પાલજીભાઈ (રહે.ઈન્દિરાનગર વિભાગ-૨ વિજયચોક પ્રાથમિક શાળા પાસે લાંભા ગામ તા.દસક્રોઈ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૧ બપોરના ૪/૧૫ વાગ્યા પહેલા સરદારબ્રીજ નીચે રિવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

સરખેજઃ સરખેજ મકરબા કોર્પોરેટ રોડ કોમર્સ હાઉસ-૬, વોડાફોન હાઉસની બાજુમાં દિવ્ય ભાસ્કર પાછળ સાઇટની ઓરડીમાં રહેતા અને ત્યા જ કામ કરતા અનિલભાઇ સ/ઓ બાપુલાલ કટારા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગામ-મીઠી લીંમડી, તા-ચીખલી, જી-ડુંગરપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા રહેણાંકની ઓરડીમાં ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

ઓઢવઃ સુમનભાઇ ગૌતમભાઇ શ્રીમાળી (ઉ.વ.૨૮) (રહે.પંચાવન સર્વોદય પાર્ક ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૦૨/૦૮/૨૦૨૧ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૮/૨૦૨૧ રાતના ૯/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

વટવાઃ રાહેલાઅંજુમ વા/ઓ સાબાજખાન પઠાણ (ઉ.વ.૩૦) (રહે. ઇમામબાકર ફ્લેટ સિદ્દીકી મસ્જીદ પાસે સૈયદવાડી વટવા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૧ સવારના ૭/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

નારોલઃ હિમાંશુ સ/ઓ પ્રકાશભાઇ રાઉત (ઉ.વ.૨૨) (રહે.સ્વામિનારાયણ પાર્ક-૮ વટવા કેનાલ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિંહ સવસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી